# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 10-08-2024 સવારે : 9.00 થી 9.10

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેરળના વાયનાડમાં ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારની મુલાકાતે જશે.
- ✓ કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજનાના બીજા તબક્કાને મંજૂરી આપી. બાગાયત ક્ષેત્ર માટે સ્વચ્છ સંયત્ર કાર્યક્રમને પણ મંજૂરી.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તિમોર લેસ્ટેની એક દિવસની મુલાકાતે આજે રાજધાની ડિલી  પહોંચ્યા.
- ✓ આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં સિંહોની સંખ્યા 2020માં વધીને 674 થઈ.
- ✓ હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશના પૂર્વ ભાગોમાં આજે ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી.
- ✓ પેરિસ ઓલમ્પિકમાં ભારતીય  કુસ્તીબાજ અમન સેહરાવતે 57 કિલો ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

## *PM-KERALA VISIT*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેરળના વાયનાડમાં રાહત અને પુનર્વસન કાર્યની સમીક્ષા  કરશે. તેઓ કન્નુર જશે અને ત્યાંથી વાયનાડના ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરશે. શ્રી મોદી આપત્તિગ્રસ્ત વિસ્તારોની પણ મુલાકાત લેશે. ત્યાં શ્રી મોદી અહીં ચાલી રહેલા પુનર્વસન કાર્યની સમીક્ષા કરવા રાહત શિબિરોની મુલાકાત લેશે અને બાદમાં હોસ્પિટલની મુલાકાત લઈ**

આપત્તિમાં બચી ગયેલા લોકો સાથે વાતચીત કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી સમીક્ષા બેઠક કરશે.

.................

## *REV OVERALL CABINET*

કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજનાના બીજા તબક્કાને મંજૂરી આપી દીધી છે. કેબિનેટે નાણાકીય વર્ષ 2024-25 થી 2028-29 દરમિયાન પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજનાના અમલીકરણને પણ મંજૂરી આપી હતી.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે પત્રકારોને જણાવ્યું કે આ યોજના હેઠળ ત્રણ કરોડ નવા મકાનો બનાવવામાં આવશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, તેમાંથી બે કરોડ ગ્રામ્ય વિસ્તારોમાં અને એક કરોડ શહેરી વિસ્તારોમાં કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ યોજના માટે 3 લાખ 60 હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવ છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં કામ કરતી મહિલાઓ માટે હોસ્ટેલ બનાવવાની જોગવાઈ છે અને આર્થિક રીતે નબળા વર્ગ, ઓછી અને મધ્યમ આવક જૂથની શ્રેણીમાં 25 લાખ રૂપિયાની હાઉસિંગ લોન પર 4 ટકા વ્યાજ સબસિડી આપવામાં આવશે.

કેબિનેટે કૃષિ મંત્રાલય દ્વારા પ્રસ્તાવિત સ્વચ્છ સંયત્ર કાર્યક્રમને પણ મંજૂરી આપી હતી. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે એક હજાર 765 કરોડથી વધુના રોકાણ સાથે, આ પહેલ દેશમાં બાગાયત ક્ષેત્ર માટે એક અગ્રણી પહેલ છે. તેમણે કહ્યું કે સ્વચ્છ સંયત્ર કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાના છોડની સામગ્રી ઉપલબ્ધ થશે, તેનાથી ઉત્પાદન વધશે અને ખેડૂતોની આવકમાં પણ વધારો થશે.

કેબિનેટે અદ્યતન બાયો ફ્યુઅલ પ્રોજેક્ટ્સને નાણાકીય સહાય પૂરી પાડવા માટે ઉન્નત પ્રધાનમંત્રી જીવન યોજનાને પણ મંજૂરી આપી હતી. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ વિસ્તૃત યોજનાને વધુ પાંચ વર્ષ માટે 2028-29

સુધી લંબાવવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં એક હજાર 999 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

માહિતી અને પ્રસારણ મંત્રીએ કહ્યું કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અનામત અંગે સર્વોચ્ચ અદાલતના તાજેતરના નિર્ણય પર બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને કેબિનેટનો અભિપ્રાય છે કે NDA સરકાર બાબા સાહેબ આંબેડકર દ્વારા બનાવેલ બંધારણની જોગવાઈઓ માટે પ્રતિબદ્ધ છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે બંધારણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અનામતમાં ક્રીમીલેયરની કોઈ જોગવાઈ નથી અને મંત્રીમંડળે નિર્ણય લીધો છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામતની વ્યવસ્થા બંધારણ મુજબ હોવી જોઈએ.

.................

## *REV MORN. PREZ-TIMOR*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તિમોર લેસ્ટેની એક દિવસની મુલાકાતે આજે રાજધાની ડિલી  પહોંચ્યા છે. તિમોર લેસ્ટેના રાષ્ટ્રપતિ જોસે રામોસ હોર્તાએ ડિલિ આંતરરાષ્ટ્રીય હવાઈમથકે તેમનું સ્વાગત કર્યું. શ્રીમતી મુર્મુ તિમોર-લેસ્ટેના ટોચના નેતૃત્વ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે અને સામુદાયિક સ્વાગત સમારોહમાં ભારતીયોને મળશે. તિમોર લેસ્તેની મુલાકાતે જનારા તેઓ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ છે.

.................

## *WORLD LION DAY*

આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

એશિયાટીક સિંહો માત્ર ગુજરાતમાં જોવા મળે છે. પર્યાવરણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે ગુજરાતમાં સિંહ સંરક્ષણના પ્રયાસોને કારણે સિંહોની સંખ્યા 2015માં 523 હતી જે વધીને 2020માં 674 થઈ છે.

ગુજરાતમાં એશિયાના સિંહનો વસવાટ ધરાવતા 11 જિલ્લાઓ જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ, પોરબંદર, ભાવનગર, બોટાદ, મોરબી, સુરેન્દ્રનગર,

રાજકોટ, દેવભૂમી દ્વારકા અને જામનગરની શાળાઓ-ગામોમાં આ ઉજવણી કરવામાં આવશે. દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લાના સાસણ ગીર ખાતે આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવશે.

ભારતમાં, સાંસ્કૃતિક અને પર્યાવરણીય દૃષ્ટિકોણથી સિંહોના સંરક્ષણનું મહત્વ વધુ છે. આપણો દેશ  એશિયાટીક સિંહો માટે સલામત સ્થળ છે.

15 ઓગસ્ટ, 2020 ના રોજ જાહેર કરાયેલ પ્રોજેક્ટ લાયન એ એશિયાટિક સિંહોના ભવિષ્ય માટે એક મહત્વપૂર્ણ પહેલ છે. આ પ્રોજેક્ટમાં સિંહોના વસવાટને સુધારવા, અદ્યતન ટેક્નોલોજી વડે તેમની દેખરેખ રાખવા અને માનવ-વન્યજીવન સંઘર્ષ ઘટાડવાના પ્રયાસોનો સમાવેશ થાય છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

.................

## *JAISHANKAR-MALDIVES*

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે માલદીવ સાથે ભારતની ભાગીદારી એકબીજાના ફાયદા માટે સાથે મળીને કામ કરવાની તીવ્ર ઈચ્છા પર આધારિત છે. માલદીવના વિદેશ મંત્રી મુસા જમીર સાથે માલેમાં થયેલી બેઠક બાદ પત્રકાર પરિષદમાં ડૉ. જયશંકરે કહ્યું કે માલદીવ ભારતની પાડોશી પ્રથમ નીતિનું મહત્વનું લક્ષ્ય છે.

ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે માલદીવના વિદેશ મંત્રી સાથેની તેમની વાતચીત રચનાત્મક રહી. મુખ્યત્વે વિકાસ ભાગીદારી, ક્ષમતા નિર્માણ, પ્રાદેશિક સુરક્ષા, વેપાર અને ડિજિટલ સહયોગ પર ચર્ચા થઈ. બંને

નેતાઓએ સંયુક્ત રીતે છ સામુદાયિક યોજનાઓનું ઉદ્ઘાટન કર્યું. આ યોજનાઓ માનસિક આરોગ્ય, બાળકો માટે સ્પીચ થેરાપી અને વિશેષ શિક્ષણ સાથે સંબંધિત છે. ભારતીય રાષ્ટ્રીય ચૂકવણી નિગમ અને માલદીવના આર્થિક વિકાસ અને વેપાર મંત્રાલય વચ્ચે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અંગેના કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. માલદીવના વિદેશ મંત્રીએ માલદીવના સામુદાયિક સશક્તિકરણ માટે ભારતની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી.

ડો જયશંકર માલદીવની ત્રણ દિવસની મુલાકાતે ગઇકાલે માલે પહોંચ્યા હતા. આ વર્ષે જૂનમાં માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહમાં ભાગ લેવા ભારત આવ્યા હતા.

.................

## *BRAZIL PLANE CRASH*

બ્રાઝિલના સાઓ પાઉલોમાં ગઈકાલે રાત્રે 61 લોકોને લઈને જતું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં વિમાનમાં સવાર તમામ 57 યાત્રીઓ અને ચાલક દળના ચાર સભ્યોના મોત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિમાન રહેણાંક વિસ્તારમાં પડ્યું હતું, જેના કારણે મકાનોને નુકસાન થયું હતું. જોકે, ત્યાં રહેતા લોકોને કોઈ ઈજા થઈ ન હતી. બ્રાઝિલની સ્થાનિક ઉડ્ડયન કંપનીના જણાવ્યા અનુસાર, વિમાન પરાના પ્રાંતના કાસ્કવીવેલથી સાઓ પાઉલો જઇ રહ્યું હતું.

.................

## *REV IMD WEATHER*

હવામાન વિભાગે સોમવારથી હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જમ્મુ-કાશ્મીર, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને પશ્ચિમ રાજસ્થાનમાં વ્યાપક વરસાદની સંભાવના છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં અને મધ્યપ્રદેશના પૂર્વ ભાગોમાં કેટલાક સ્થળોએ આજે ભારે વરસાદની સંભાવના છે. હિમાચલ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને પૂર્વી ઉત્તરપ્રદેશમાં 15 ઓગસ્ટ સુધી

ભારે વરસાદ યથાવત રહેવાની સંભાવના વ્યકત કરી છે. સોમવારથી દેશના પૂર્વ અને ઉત્તર-પૂર્વ વિસ્તારોમાં હળવા/થી મધ્યમ વરસાદ થઈ શકે છે.

.................

## *PERIS OLUMPIC AMAN SHERAVAT*

પેરિસ ઓલમ્પિકમાં ગઈકાલે ભારતીય કુસ્તીબાજ અમન સેહરાવતે 57 કિગ્રા ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. તેમણે પ્યુર્ટો રિકો ના ડેરિયન ક્રુઝને 13-5ના સ્કોરથી હરાવી અમને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આ જીત સાથે 21 વર્ષીય અમન પીવી સિંધુને પાછળ છોડીને ભારત તરફથી સૌથી યુવા વ્યક્તિગત ઓલિમ્પિક મેડલ વિજેતા બન્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ ગૃહ મંત્રી અમિત શાહે અમન સહેરાવતને અભિનંદન પાઠવ્યા હતા. નોંધનીય છે કે, આ ઓલિમ્પિકમાં કુસ્તીબાજીમાં ચંદ્રક મેળવનાર અમન શેરાવત પ્રથમ ભારતીય રમતવીર બન્યો છે. આ સાથે પેરિસ ઓલિમ્પિક સ્પર્ધામાં ભારતના કુલ ચંદ્રકોનો આંક 6 ઉપર પહોંચ્યો છે..

.................

## અને હવે આજના અખબારોનાં સમાચારોની એક ઝલક..

1. કુશ્તીબાજ અમન સહેરાવતને પેરિસ ઓલિમ્પિકમાં કાંસ્યચંદ્રક મળ્યો તે સમાચારને તમામ અખબારોએ પહેલા પાને સ્થાન આપ્યું છેઃ
2. રાજસ્થાન પત્રિકા લખે છે કે કુશ્તીબાજ વિનેશ ફોગાટને રજત ચંદ્રક અપાવવા ભારત સરકાર અને ભારતીય ઓલિમ્પિક સંઘ પ્રયત્ન કરી રહ્યું છે.
3. રાજ્યસભામાં સાંસદ અને અભિનેત્રી જયા બચ્ચન સાથે થયેલા ઘર્ષણ બાદ સભાપતિ પદેથી જગદીપ ધનખડ સામે મહાભિયોગ પ્રસ્તાવની વિચારણા હોવાનાં સમાચાર તમામ દૈનિકોએ પ્રકાશિત કર્યા છે.

4. સંસદમાં રજૂ કરાયેલા બેન્કિંગ એક્ટ સુધારા ખરડાને હેડલાઇન બનાવીને સંદેશ દૈનિકે લખ્યું છે કે, આ ખરડો પસાર થયા બાદ બેન્કોમાં હવે એકને બદલે ચાર નોમિની નિમી શકાશે.
5. દિલ્હી શરાબ નિતી કેસમાં ભૂતપુર્વ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાને જામીન મળ્યા તે સમાચારને ટાઇમ્સ ઓફ ઇન્ડિયા, ઇન્ડિયન એક્સપ્રેસ અને ગુજરાત સમાચારે પહેલા પાને હેડલાઇનમાં પ્રકાશિત કર્યા છે.
6. દિવ્ય ભાસ્કરનો અહેવાલ જણાવે છે કે, કેન્દ્ર સરકાર અનુસૂચિત જાતિ—જનજાતિ અનામતમાં ક્રિમિલેયર નહીં લાગુ કરે. ભાજપના 100 દલિત સાંસદોને પ્રધાનમંત્રીએ આ આશ્વાસન આપ્યું છે.
7. હિજાબ, બુરખા પર પ્રતિબંધ મૂકતા મુંબઇની કોલેજનાં વિવાદાસ્પદ નિર્ણય પર સર્વોચ્ચ અદાલતે મનાઇહૂકમ આપ્યો તે સમાચાર નવગુજરાત સમય, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કરે પહેલા પાને પ્રકાશિત કર્યા છે.

.................